ૐ



ગોપિકાઓનું અપૂર્વ

શ્રીમદ્ ભાગવતાંતર્ગત

શ્રી ગોપિકાગીત

તેનું

સાદી ગુજરાતી ભાષાન્તર

૦ ૪ આના.

શાસ્ત્રી ...

॥ श्री: ॥

શ્રીમદ્વેદવ્યાસપ્રણીત

શ્રીગોપિકાગીત.

તેનું

સમશ્લોકી ગુજરાતી ભાષાન્તર.

કર્તા અને પ્રકાશક

શાસ્ત્રી તુલજાશંકર ધીરજરામ પંડયા.

ઠેકાણું ગુલાલવાડી, દેવીદાસ જીવણદાસ
સંસ્કૃત પાઠશાળા મુંબઇ.

પ્રથમાવૃત્તિ. ૧૯૧૪ પ્રત ૨૦૦૦.

કિંમત રૂ. ૦ ૫-૦

રતિલાલ હરજીવન પટેલે શ્રી કૃષ્ણ પ્રિન્ટીંગ પ્રેસમાં છાપ્યું.
નં. ૯, અનંતવાડી, મુંબઇ. ૨.

॥ श्रीः ॥

अर्पणपत्रिका.



श्रीमद्गोपालकृष्णं मधुरमुरलिकामुग्धगोपीजनेशं
गोपीनां प्रेममूर्तिं प्रजनितमदनं रासलीलारसज्ञम् ।
तासां भक्त्यर्थमेवं परमरसरतिं द्रष्टुमन्तर्हितं स्वं
नत्वा भक्त्या मया तच्चरणकमलयोरर्प्यते ग्रन्थकोऽयम् ॥१॥

બંસી જેણે વગાડી મધુર સ્વરથકી ગોપીઓ મુગ્ધ કીધી,
ને થૈને પ્રેમમૂર્તિ મદનજનિ કરી રાસલીલા જ દીધી;
વળી,
તેઓની ભક્તિ જોવા અતિરસરતિ ને કૃષ્ણ જે ગુપ્ત થાતા,
અર્પું હું ગ્રન્થ તેનાં ચરણકમળમાં વન્દિ તે સૌખ્યદાતા.

ભાષાન્તરકર્તા.

પ્રસ્તાવના.

અખિલ વિશ્વના નિયન્તા **શ્રીકૃષ્ણ** પરમાત્માના ઉત્તમ ચરિત્રથી કયો અભાગી જન અજ્ઞાત હશે? જેણે પૃથ્વીપર ભક્તોના કલ્યાણમાટે અનેક અવતારો લઈ, મહા મહા વિશ્વવિઘાતકોનો સંહાર કરી, સચ્ચરિત ભક્તોનું રક્ષણ કર્યું છે! ગોપ અને ગોપિકા સ્વરૂપે જન્મેલા દેવ અને દેવસ્ત્રીઓને પોતાના મનોહર સ્વરૂપથી મોહ પમાડી, ચરણકમળનું શરણ આપી, અનેક સંકટોમાંથી ઉદ્ધારી, રાસલીલાનો પરમસ્વાદ ચખાડી, સદાને માટે પોતાના પરમ ધામમાં લઇ જઇ, ચિરકાળની શાન્તિ આપી છે! જેણે પોતાના ધર્મથી ચ્યુત થતા પરમ સખા અર્જુનને કર્મ અને જ્ઞાન માર્ગનું શુદ્ધ દર્શન કરાવી, તેની ઉત્તમ કીર્તિને ઉજ્જ્વલ રાખવા સારૂ સારથિપણાનો સ્વીકાર કરીને પણ પોતાનું અતુલ ઐશ્વર્ય બતાવી આપ્યું છે! પૃથ્વીપર લીધેલા સ્વઅવતારના સાફલ્યરૂપ ધર્મસંરક્ષણાર્થે ભૂભાર હરવા અદ્વૈતભાવથી પોતાના યદુકુળનો સંહાર કરતાં પણ જેઓ ડગ્યા નથી! આ લોકમાં કે પરલોકમાં પણ દૈત્ય દાનવો તરફનાં સંકટો પ્રાપ્ત થવા છતાં, બ્રહ્માદિકની સ્તુતિથી અનેકવાર જેણે માયાની ઘણી ઉપાધિઓનો સ્વીકાર કરવારૂપ (સંકટો ઇશ્વરને નથી છતાં લૌકિક દષ્ટિએ) મહા કષ્ટો વેઠયાં છે, પોતાની બાળલીલાથી જેણે અનેક જીવોને આનંદના સાગરમાં ડૂબાવી દીધા છે, અનેક અસંભવિત કર્મો, બાલ્યાવસ્થામાંજ કરી જેણે પોતાની મનુષ્યભિન્ન કોઈ દૈવી શક્તિનું પ્રથમથીજ સૂચન કરી દીધું

છે, એવા તે શ્રીકૃષ્ણ પરમાત્માના પરમ પવિત્ર જીવનનું વિશેષ વર્ણન આ નીરસ જિહ્વાથી ક્યાંથી થઈ શકે ? એનો ક્યારે પાર આવે તેમ હતો ? કેમકે જેના ચરિત્રોનું વર્ણન કરતા ઉદારચરિત, મહાનુભાવ વ્યાસજી જેવા દૈવી જીવોએ પણ, ભાગવતાદિક મહા-પુરાણોનો અખૂટ ભંડાર ભરી દીધો છે, છતાં જેનો પાર આવ્યો નથી ! અરે ! જેનો બ્રહ્મા આદિ દેવો કે શંકર પણ પાર પામી શક્યા નથી; તે ષડ્ઐશ્વર્યસંપન્ન પરમાત્માનું ચરિત્ર વર્ણવવામાટે આપણામાં કેટલી શક્તિ? આપણે તો આપણાથી બને તેટલા તેના અથવા તેના ભક્તજનોના ગુણાનુવાદ ગાઇનેજ આપણા આત્મકલ્યાણનો રસ્તો સ્વીકારવાનો છે.

આત્મકલ્યાણનો રસ્તો એ પણ કાંઇ નિષ્કંટક નથી. તેમાં પણ માયાની પ્રપંચજાળરૂપ મહાન્ પ્રતિબંધક છે. એ જાળ કાંઈ ક્ષણવારમાં શિથિલ થઇ જાય તેવી નથી. એ કાંઈ કરોળીઆની જાળ જેવી સ્પર્શ કરતા માત્રમાંજ તુટી જાય તેવી નથી. એ તો કોઈ અનેક જન્મોના શુદ્ધ સંસ્કારોદ્વારા ભક્તિ વિગેરે ઉત્તમ તીક્ષ્ણ શસ્ત્રોથીજ છેદાઈ શકે તેમ છે. પરંતુ તેનો વિચાર કરતાં પણ તેવાં શસ્ત્રો જીવોને તત્કાળ મળી શકે તેમ નથી. એમાં પણ મનની શુદ્ધતા, એકાગ્રતા વિગેરે ઉત્તમ સાધનોની અપેક્ષા રાખવી પડે છે. એ સાધનો પણ અનેક જન્મોના પવિત્ર સંસ્કારોને આધારેજ રહેલાં હોય છે અને તેથી એવા સંસ્કારી જીવોજ તેવાં શસ્ત્રો ધારણ કરવાની પ્રબળ શક્તિ-વાળા બની શકે છે અને ત્યારેજ તેઓ તે ભક્તિથી આ સંસાર-સમુદ્રને તરી જઈ આત્મકલ્યાણ કરી શકે છે.

કલિપ્રભાવ ઓરજ રીતિનો છે. કેમકે દેવોને પણ ઇચ્છિત એવા આ મનુષ્યલોકમાં ભક્તિ વિના, આત્મકલ્યાણના રસ્તાને અળગો

કરી, આ સંસારચક્રના અખાડામાં આળોટતા કેટલાક અજ્ઞાની જીવો **શ્રી**કૃષ્ણ પરમાત્માના પવિત્રતમ જીવન ઉપર રાસલીલા વિગેરે તેઓની રસમય કૃતિનો ઉલટો અર્થ લઇ દોષારોપણ કરે છે; પરંતુ તેમની અલ્પતર, વિચારશૂન્ય બુદ્ધિને આવી ગંભીર વાતનો વિચાર કરી સમાધાન કરી લેવાનું ક્યાંથી સુઝે ? તેઓ તો પોતાની થતી અધમ દશાનો અને દુષ્ટતમ કૃત્યોનો વિચાર ન કરતાં, અન્ય જીવોપર, અરે ! **શ્રી**કૃષ્ણ પરમાત્મા જેવા દૈવી આત્મા ઉપર પણ દોષ મૂકવામાં જ પોતાના જન્મની સાર્થકતા સમજી રહેલા છે. પરન્તુ તેવાઓના અન્તઃકરણની શુદ્ધિ માટે અત્ર કાંઇક લખવું યોગ્ય લાગવાથી શ્રીમદ્‌ભાગવતના પ્રમાણ પુરસ્સર જ હું લખીશ.

શ્રીકૃષ્ણ પરમાત્માની ગોપીઓ સાથેની રાસલીલાનું માહાત્મ્ય શુકદેવજીએ પરીક્ષિત રાજાને કહ્યા પછી તત્કાળજ પરીક્ષિત રાજાએ શુકદેવજીને પ્રશ્ન કર્યો કે,—' હે બ્રહ્મન્ ! ભગવાન્ પૃથ્વીમાં ધર્મના રક્ષણમાટે અને અધર્મના નાશમાટે જન્મ લે છે, છતાં તે ધર્મના વક્તા, કર્ત્તા અને રક્ષણ કરનાર પરમાત્માનું ગોપીઓરૂપ પરસ્ત્રીઓની સાથે ક્રીડા કરવાનું અધર્માચરણ શા હેતુથી નિંદ્ય ગણાયું નહિં ? તે આપ કૃપા કરીને મને કહો.' આ પ્રમાણે પ્રશ્ન પૂછ્યો કે તુરતજ મહાનુભાવ શુકદેવજી કૈમુતિક ન્યાયથી રાજાને કહેવા લાગ્યા કે,-"હે રાજન્ ! પ્રજાપતિ, ઇન્દ્ર, ચન્દ્ર અને વિશ્વામિત્ર જેવા મહાપુરુષોએ પણ ધર્મને ઉલ્લંઘી પરસ્ત્રીઓની સાથે વ્યભિચાર કરેલો છે એમ આપણે સાંભળ્યું છે, છતાં વિષ્ઠામાં રહેલો અગ્નિ વિષ્ઠાને બાળવા છતાં પણ જેમ અપવિત્ર થતો નથી અને શુદ્ધ રહે છે, તેમ તેઓ પણ દોષયુક્ત ન થતાં શુદ્ધ જ ગણાયા છે, અને તેમનું તે કર્તવ્ય તેમની દૈવી શક્તિથી

દોષરૂપ ગણાયું નથી. પરંતુ અત્ર કહેવાનું કે, તેથી પ્રત્યેક જીવોએ તેમનાં દૃષ્ટાંત લઇ તેવું આચરણ કરવાનું નથી, કેમકે શંકર, વિષ-ભક્ષણ કરવાથી મૃત્યુવશ થયા નથી; પરંતુ જો તેમનું જોઇ અન્ય મનુષ્ય તેવું આચરણ કરે તો તે તત્કાળ મરણને શરણ થાય છે. માટે દેવો દોષ પામતા નથી, પરંતુ તેમનું જોઈ તેવું આચરણ કરવા-વાળા જીવો તત્કાળ અધોગતિને પામે છે. માટે મહાન્ પુરુષના તો વચનનો સ્વીકાર કરવો, પરંતુ તેમના આચરણપર ફુદકો મારવો નહીં. વખતે તેમનાં આચરણ પ્રમાણે ચાલવાની ઇચ્છા હોય તો તે પણ તેમના વચનને અનુસરીને હોય, તો જ તે પ્રમાણે ચાલવું. માટે હે રાજન્! તેમના અયોગ્ય ગણાતા આચરણ તરફ લક્ષ્ય આપવું નહીં, કેમકે તેમના જેવા નિરભિમાની, શુદ્ધાત્મા પુરુષોને ધર્મથી કાંઈ સ્વાર્થસિદ્ધિ નથી અથવા અધર્મથી કાંઈ અનર્થ પણ નથી; પરંતુ પોતાનાં પ્રારબ્ધને અનુસાર પોતાનાં કર્મોનું આચરણ કરવું, એ જ તેમનું કર્તવ્ય છે. એના વિના અન્ય કાંઈ પણ હેતુ નથી. માટે જ્યારે તેવા કર્મથી પ્રજાપતિ વિગેરે દેવો પણ દોષિત થયા નથી, તો પછી સર્વ પ્રાણીઓના નિયન્તા શ્રીકૃષ્ણ પરમાત્મા, તેઓનો ધર્મ, અધર્મ અથવા પુણ્ય, પાપ સાથ સંબંધ ન હોવાથી દોષિત ન થાય, એમાં શું જ કહેવું ? અહો! જેનાં ચરણકમળના ધ્યાનાદિકથી મહા મહા ઋષિ, મુનિઓ પણ સંસારના બંધનથી છૂટી ઇચ્છાપ્રમાણે ગમે ત્યાં વિચરણ કરે છે, તેવા તે પરમાત્માને વળી સંસારના બંધનોનો-માયાના પ્રપંચોનો દોષ કયાંથી લાગવાનો હતો ? ન જ લાગે.

વળી તેમનો દેહ કાંઈ કર્મોને અનુસરીને લીધેલા આપણા દેહો જેવો નથી કે, તે દોષિત થાય; પરંતુ તે તો કોઇ તેજઃસ્વરૂપ, દૈવી

સંપત્તિઓના સમુદ્રરૂપ અને પરિપૂર્ણ, નિગ્રહાનુગ્રહસમર્થ, અલૌકિક ઐશ્વરિક દેહ છે. માટે તેને માટે એવો વિચાર કરવો યોગ્ય નથી.

આટલું કહેતામાંજ પરીક્ષિત રાજાનું સર્વ સમાધાન થઈ ગયું અને પરમાત્માના નિર્દોષ ચરિત્રને સાંભળવાની વિશેષ ઉત્કંઠા વધી.

અત્ર અન્ય પણ કાંઇક જણાવીશ કે, આ પુસ્તક–ગોપિકાગીતમાંનાં કેટલાંક પદોપરથી પણ કેટલાકના અન્તઃકરણને તે શ્રીકૃષ્ણ પરમાત્માના ચરિત્રપર દોષદૃષ્ટિ થતી હશે; પરન્તુ તે પણ અયોગ્ય જ છે, કેમકે તેનો ભાવ પણ કોઈ શુદ્ધ દૃષ્ટિથી જોતાં નિર્દોષ જ જણાશે. જેમકેઃ—

'ते पदाम्बुजं कृणु कुचेषु नः कृन्धि हृच्छयम्' 'अधरसीधुना प्याययस्व नः' 'मनसि नः स्मरं वीर यच्छसि' 'चरणपङ्कजं शन्तमं च ते रमण नःस्तनेष्वर्पयाधिहन्' 'वितर वीर नस्तेऽधरामृतम्'–'હે શ્રીકૃષ્ણ! તમારું ચરણકમળ અમારાં સ્તનોપર રાખી અમારા કામનો નાશ કરો.' 'તમારું અધરામૃત અમને પાઓ.' 'હે વીર! તમે અમારા મનમાં કામોત્પત્તિ કરો છો!' 'હે વીર! તમારું અધરામૃત પાઓ.' આ તથા એવાં બીજાં જણાતાં હોય તેવાં વાક્યોમાં, કુચ–સ્તન શબ્દનો હૃદય એવો અર્થ લઈ, તેમાં ઉત્પન્ન થઇ હૃદયને ચીરી નાખતા કામનો–વાસનાઓનો-સંસારની ઉપાધિઓનો-સુખદુઃખના વિચારોનો આપ નાશ કરો–અમને સંસારની પ્રપંચજાળમાંથી મુક્ત કરી, તમારે શરણે લ્યો, એવો ભાવ લેવો. જ્યાં અધરામૃત પાન કરવાનું જણાવ્યું હોય ત્યાં અધર શબ્દથી અધઃસ્થાનાપન્ન ચરણ લઇ, તેના સંબંધી અમૃત–ભક્તિરૂપ અમૃતનું અમને પાન આપો–તમારાં ચરણકમળની સેવા

આપી તમારી ભક્તિરૂપી અમૃતનુંજ અમને પાન કરાવો. જ્યાં પોતાને કામોત્પત્તિ કરવાનું જણાવ્યું હોય ત્યાં હે વીર! તમારા વિયોગમાં તમારું સ્મરણ થતાં પણ દર્શનાભાવમાં કામ–સંસારની કામનાઓની ઉત્પત્તિ થાય છે; અથવા તમારા ચરિત્રોનું સ્મરણ કરતાં અમારા હૃદયમાં કામ–તમને પ્રાપ્ત થવાની ઇચ્છા થાય છે, એવો અર્થ લેવો. જ્યાં સ્મર શબ્દનો પ્રયોગ હોય ત્યાં અમને તમે તમારા ચરિત્રથી અથવા કોઇ અન્ય પ્રકારથી તમારું સ્મરણ કરાવો છો–તમારી અમારાપર કૃપા હોવાથી અમને તમારું સ્મરણ થાય છે પણ દર્શન ઘો એવો ભાવ લેવો. એ પ્રમાણે જ્યાં જ્યાં જેવો જેવો શુદ્ધાત્મક સ્વબુદ્ધિને અનુસાર અર્થ-સંગતિને મળતો અર્થ જણાય ત્યાં તેવો શુદ્ધભાવનાથી કરી લેવો. એટલે તેમાં **શ્રીકૃષ્ણ** અને ગોપિકાઓના આન્તરિક શુદ્ધ પ્રેમનું સ્પષ્ટીકરણ થશે અને તેથી શ્રીકૃષ્ણ પરમાત્માનું જીવન નિર્દોષ જણાશે.

મૂળ ગ્રંથસંબંધનું કાંઇક લખવું બાજુપર રાખી વિષયાન્તર તરફ જતો વખતે હું કોઇના લક્ષ્યમાં જણાતો હોઇશ; પરન્તુ ગ્રન્થને અંગે ઉપરોક્ત લખવું યોગ્ય લાગવાથી હું તેમાંથી મુક્ત થઇ શકયો નથી, છતાં કોઇને તેમ જણાતું હોય તો તે ક્ષન્તવ્ય છે એમ જણાવી હવે હું પ્રસ્તુત ગ્રન્થના વિષયપર આવીશ.

આ લઘુ ગ્રન્થનું નામ **ગોપિકાગીત** છે અને તે શ્રીવેદવ્યાસ-પ્રણીત શ્રીમદ્‌ભાગવતમાંનું, **શ્રીકૃષ્ણ** પરમાત્માના વિયોગાનલથી દગ્ધ ગોપિકાઓએ તેઓની આત્મનિવેદનરૂપ ભક્તિથી કરેલી પ્રેમપ્રવાહમય સ્તુતિનું પ્રકરણ છે. એમાં ગોપિકાઓએ શ્રીકૃષ્ણનાં પૂર્વનાં કરેલાં રસમય કાર્યો, મહા મહા અસુરોનો નાશ કરી ભક્તોનું કરેલું સંરક્ષણ,

દુઃખોની સહનશીલતા, પાલન કરવાની શક્તિ-ઉત્તમરીતિ, તેમની મનોહર, કામની પ્રબળ શક્તિનું પ્રાગટ્ય કરનાર શરીરની અલૌકિક સૌંદર્યતા, અવતારોનું માહાત્મ્ય અને વેણુની મધુરતાથી મોહકશક્તિનો પ્રભાવ વિગેરે અનેક રસિક રહસ્યોથી પ્રેમપૂર્ણ અન્તઃકરણે કરેલી સ્તુતિ છે; કે જે સ્તુતિથી **શ્રીકૃષ્ણે** ગોપિકાઓની પોતાના પ્રત્યેની ઉત્તમ, શુદ્ધ અન્તઃકરણની પ્રેમમય ભક્તિ જોઇ, પ્રસન્ન થઈ, તેમની મનઃકામનાઓને પૂર્ણ કરી, કોઈ અપૂર્વ આનંદનો ઉપભોગ કરાવ્યો હતો અને અન્તે સ્વધામનો ઉત્તમોત્તમ નિવાસ આપ્યો હતો.

પરમાત્માની ભક્તિ કરવી, એ કાંઈ એક અલ્પ કાર્ય નથી. તેમ તે કોઈ સાધારણ પ્રપંચી જનોથી થઈ શકે એમ નથી. એ તો શુદ્ધ અન્તઃકરણની અસ્ખલિત ભાવનાથી, અપૂર્વ પ્રેમનું દર્શન કરાવતાં ઇશ્વરના ધ્યાનમાં તલ્લીન થઈ કોઈ વિરલ વ્યક્તિઓ જ કરી શકે છે, અને તેવી ભકિત કરવામાં ખાસ અપૂર્વ ભકિતભાવ રાખનાર-આત્મ-નિવેદન કરનાર જો કોઇ હોય તો તે ગોપિકાઓ જ છે. એમના જેવો પ્રેમ અને એમના જેવી તન્મયતા અન્યમાં ભાગ્યે જ જોવામાં આવશે. કેમકે જે ભક્તિથી ઉદ્ધવ જેવા શ્રીકૃષ્ણના પરમ ભક્તનો પણ ગર્વ ગળી ગયો હતો. એમની એ ભક્તિ આત્મનિવેદન નામની ભક્તિ છે. શાસ્ત્રમાં ભક્તિના,—

श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् ॥
अर्चनं वन्दनं दास्यं सख्यं चात्मनिवेदनम् ॥ १ ॥

શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વન્દન, દાસ્ય, સખ્યભાવ અને આત્મનિવેદન-અમે તમારાંજ છીએ, એમ ઇશ્વરમાં

તન્મયતા બતાવવી-એ નવ પ્રકાર કહેલા છે. તે પણ સાત્વિક, રાજસ અને તામસ એમ ત્રણ પ્રાધાન્ય પ્રકારોવાળા છે. એમ એ પ્રત્યેક ભક્તિ વળી નવ નવ પ્રકારની હોવાથી એકંદર ૮૧ પ્રકારની છે. અત્ર તે સર્વનું વિવેચન કરતાં ગ્રન્થનો વિસ્તાર વધી પડવાના ભયથી પ્રસ્તુત વિષયમાં એટલુંજ કહેવું યોગ્ય થઈ પડશે કે, ભક્તિના પ્રકારો-માંથી ગમે તે કોઇપણ એક પ્રકારે મનની શુદ્ધતા વિગેરે સાધનો સાથે એકાગ્રતા ધરી, ભક્તિ કરી, પરમાત્મા તરફની ઉત્તમ કોટિ બાજુ જવાનો યત્ન દરેક વ્યક્તિએ કરવો. તેમ કરતાં તેના પ્રતિદિનના અભ્યાસ-પરથી અન્તમાં ઇચ્છિત પરમાત્માના પરમ ધામની પ્રાપ્તિ થાય છે, એ નિઃસંશય છે. કેમકે એવી રીતે ભક્તિ કરી પરમાત્માના અનેક ભક્તો સાથે આત્મનિવેદનરૂપ ભક્તિથી ગોપિકા જેવી સ્ત્રીઓ પણ પરમાત્મસ્વરૂપને પામી ગયેલી છે, એ આપણે સાંભળ્યું છે અને તેથી તે પરમાત્માના ગુણાનુવાદ સાથે તેમના તેવા ભક્તોની પણ અદ્યાપિ આપણે ઉત્તમ કીર્તિ ગાઇએ છીએ.

આ ગ્રન્થ મૂળ ભાગવતમાં સંસ્કૃત ભાષામાં છે, પરન્તુ તેનું પરમ રહસ્ય અને મધુર રસાસ્વાદ સંસ્કૃત ભાષાના જ્ઞાતા સિવાય અન્ય મનુષ્યો લઇ શકતાં નથી. વખતે ગદ્ય ભાષાન્તરોથી લઇ શકતાં હશે! પરન્તુ તેથી જોઇએ તેવો રસમય આનંદ આવવો અસંભવિત-જ છે. એટલે કેટલીએક વ્યક્તિઓની ખાસ સૂચનાથી મારે આનું ભાવસહિત સમશ્લોકી ભાષાન્તર કરવાની જરૂર પડી છે. ખાસ સાધારણ મનુષ્યો પણ એમાંના ખરા તત્વનું અને ગોપિકાઓની પ્રેમપ્રતિમા-ભક્તિનું રહસ્ય સમજે, એ હેતુથી એને જેમ બને તેમ સરલ-સાદા શબ્દોથી રચવામાં આવ્યું છે; છતાં જ્યાં જ્યાં તેઓને ન સમજાય

૫૩૪૩
૯ ૯ (૧૧)

એવા શબ્દો છે ત્યાં અર્થસૂચક ટિપ્પણી પણ મૂકેલી છે. આના ભાવ વિગેરેમાં શ્રીધરી ટીકાનો આશય લેવામાં આવ્યો છે, સાથે કેટલેક સ્થળે સ્વતંત્ર વિચારો પણ દર્શાવવામાં આવ્યા છે. પદ્યોની રચના-પૂર્તિ માટે ક્વચિત્ બહારના શબ્દો પણ અર્થસંગતિથી અભિન્ન રીતે જેમ બને તેમ મૂકવામાં આવ્યા છે, સાથે પૂર્વાપરનો સંબંધ જાણવા માટે પૂર્વ અને ઉત્તર એમ આજુબાજુનાં અલ્પ રીતે વૃત્તાન્તો પણ આપવામાં આવ્યાં છે. એકંદર એ ગ્રન્થને જેમ બને તેમ સરળ સારો અને ભાવયુકત કરવામાં બને તેટલો પ્રયત્ન કરેલો છે; છતાં ક્વચિત્ કોઇને કાંઇક દોષાપત્તિ જણાતી હોય તો ભાષાન્તરનું કામ કેવું કઠિન છે, તે તેના અનુભવી જનો જાણે છે એટલે તેઓ આને ભાષાન્તરનો પ્રથમ પ્રયાસ સમજી:-

गच्छतः स्खलनं क्वापि भवत्येव प्रमादतः ॥
हसन्ति दुर्जनास्तत्र समादधति सज्जनाः ॥ १ ॥

અર્થ—ચાલતાં ચાલતાં ક્વચિત્ પ્રમાદથી મનુષ્યનું પડવું થાય છે, પરન્તુ તે સમયે દુર્જન મનુષ્યો (તે જોઇને) હસે છે જ્યારે સજ્જનો તેનું સમાધાન કરે છે—તેને આશ્વાસન આપે છે.

એ સૂત્રની સરણિનો સ્વીકાર કરી, ક્ષમાશીલ વૃત્તિથી ક્ષન્તવ્ય ગણી, પ્રથમ પ્રયાસને ઉત્સાહપૂર્વક અન્ય ગ્રન્થોના પ્રયાસાન્તરોમાં સારી રીતે ફલીભૂત જોવા માટે યત્ન કરતા રહી, ઉછળતા કોમળવૃક્ષને વૃદ્ધિંગત કરવામાં જ પોતાની મહત્તા સમજશે, એવી આશા રાખી વિરમું છું.

મુંબઈ
ભાદ્રપદ શુક્લ ૮ દુર્વાષ્ટમી
સંવત્ ૧૯૭૦

લી૦
ભાષાન્તરકર્તા
શાસ્ત્રી તુલજાશંકર ધી. પંડયા.

⋙ પૂર્વવૃત્તાન્ત. ⋘

શરદ ઋતુનો સમય હતો. અનેક વૃક્ષો સુંદર સુગંધમય પુષ્પોથી ખીલી રહ્યાં હતાં. ચંદ્ર પણ જાણે શ્રીકૃષ્ણ અને ગોપિકાઓને આનંદ આપવાની ખાતર હોય નહિ, તેમ પોતે પૂર્ણરીતે પ્રકાશી રહ્યો હતો. એવા સમયમાં શ્રીકૃષ્ણે યોગમાયાનો આશ્રય કરી, ગોપિકાઓ સાથે ક્રીડા કરવાની ઇચ્છા કરી; અને તેથી તત્કાળ પોતાની મધુર બંસીનો નાદ કર્યો. મદનોત્પત્તિ કરનાર મધુર નાદને સાંભળી, ગોપિકાઓ પોતાનાં અર્ધ કરેલાં પણ ગૃહકાર્યોને છોડી દઈ, તેમ પોતાના સંબંધી જનોનું કથન પણ સાંભળ્યું ન સાંભળ્યું કરી શ્રીકૃષ્ણના ગીતધ્વનિના માર્ગથી તેમની પાસે આવી. શ્રીકૃષ્ણે પોતાના તરફનો ભક્તિભાવ જોવા માટે તેમને કેટલોક પતિપરાયણ સતીત્વ ધર્મનો ઉપદેશ કર્યો, છતાં પણ શ્રીકૃષ્ણમય થયેલી ગોપિકાઓએ તેમને પતિસ્વરૂપ ઇશ્વર માનીને નિર્દોષપણાથી ક્રીડાનીજ ઇચ્છા દર્શાવી; અને સાથે કહેવા લાગી કે, જો અમારી સાથે ક્રીડા કરવામાં નહીં આવે તો અમે કામાગ્નિથી બળેલી, ધ્યાનથી તમારાં ચરણકમલમાં પ્રાપ્ત થવા અમારા દેહોને પણ બાળી નાંખીશું. તેમનો આવો અત્યુત્તમ પ્રેમભાવ જોઈ, શ્રીકૃષ્ણે તેમની સાથે રાસલીલા રમવાનો આરંભ કર્યો. રાસક્રીડા કરતાં કરતાં ગોપિકાઓ પોતાને શ્રીકૃષ્ણ સાથે રાસલીલા રમવાથી પોતાની ધન્યતા માનતી ગર્વિષ્ઠ થઈ ગઈ. તત્કાળ શ્રીકૃષ્ણ તેમના ગર્વને જાણી ગયા, એટલે રાસલીલાના વિવિધ

પ્રકારના મધુરરસનું આસ્વાદન કરતી તે ગોપિકાઓના ગર્વને નાશ કરવા માટે અને સાથે પોતાના તરફની પ્રેમભક્તિ અને આત્મનિવેદનની ઐક્યતા જોવા માટે પોતે અન્તર્ધ્યાન થઈ ગયા.

અહા! **શ્રીકૃષ્ણ** અન્તર્ધ્યાન થતામાં તો સત્યસ્વરૂપે રહેલો પ્રેમભક્તિનો પ્રભાવ, ક્યાં છૂપો રહે તેમ હતો? ક્ષણવારમાં તો ક્ષણવાર પણ રોકી રાખેલો નદીનો પ્રવાહ, તેને પાછો ખુલ્લો મૂકતાં જેમ એકદમ ઉભય તટનો રોધ કરી બહાર પડી જાય છે, તેમ ગોપિકાઓના હૃદયમાં રહેલો પ્રેમપ્રવાહ એકદમ ઉછળી, બહાર નીકળી, પ્રબળ વેગથી વહેવા લાગ્યો. પ્રેમપ્રવાહનું બળ વિશેષ હોવાથી તેમાંથી પણ અનેક નાના નાના રમ્ય પ્રવાહો વહેવા લાગ્યા. કોઇ ગદ્‌ગદ્‌કંઠે વાણીદ્વારા તો કોઇ નેત્રદ્વારા ચોધાર અશ્રુરૂપે ચાલવા લાગ્યો! અરે! કોઇ વન્દનારૂપે તો કોઇ ચરિત્રસ્મરણના ખેદરૂપે વહેતો જણાવા લાગ્યો! એમ અનેક પ્રકારે પ્રેમપ્રવાહ વહેવા લાગ્યો, પરન્તુ તેને રોકવાને-શાન્ત કરવાને **શ્રીકૃષ્ણ**ના દર્શનરૂપ પ્રબળ પ્રતિબન્ધક વિના કોણ સમર્થ થાય તેમ હતું?

શ્રીકૃષ્ણનાં દર્શન પણ તત્કાળ થાય તેમ ક્યાં હતાં? તે પણ ક્યાં પૂર્ણ કસોટી કર્યા વિના દર્શન દે તેમ હતા? ગોપિકાઓ બીચારી ચારે બાજુ રૂદન કરતી કરતી તેમની ખોળ કરવા લાગી. ખોળ કરતાં કરતાં કેટલીક તો ખાસ પોતે **શ્રીકૃષ્ણ** છે, એમ માની તેની બાળલીલાની ચેષ્ટાઓ કરતી કરતી આનંદ માની ફરવા લાગી. કેટલોક સમય જતાં ખોળ કરતાં તેમને **શ્રીકૃષ્ણ**નાં અને એક ગોપિકાનાં પગલાં પડેલાં પૃથ્વીપર જણાયાં. તત્કાળ સર્વેએ મળી વિચાર કર્યો કે,

અત્ર જ આપણો શ્યામસુંદર નટવરલાલ હોવો જોઇએ; કેમકે આ એનાં પગલાં છે. વળી ગોપિકાનાં પગલાં જોતાં અન્ય વિચાર પણ કરવા લાગી કે, જરૂર **શ્રીકૃષ્ણ** આપણી સાથે કપટ કરી, આ ગોપિકાની સાથે ક્રીડા કરવા આપણને છોડી ચાલ્યા આવ્યા છે; માટે હવે એની પૂણ ખબર કાઢવી જોઇએ. આમ વિચારતી વળી આગળ ચાલી. આગળ ચાલતાં **શ્રીકૃષ્ણ**નાં પગલાં જણાયાં, પરન્તુ ગોપિકાનાં જણાયાં નહિ; એટલે વળી વિચાર કરવા લાગી કે, જરૂર **શ્રીકૃષ્ણે** આપણા ભયથી તેને અહીંથી ખાંધે બેસાડી હશે. અહો! **શ્રીકૃષ્ણ**નું કેટલું કાપટ્ય! આમ બોલતી વળી આગળ ચાલવા લાગી.

આ સમયે **શ્રીકૃષ્ણ** જે ગોપીને લઈ અન્તર્ધ્યાન થઈ ગયા હતા તે ગોપી પણ, અન્ય ગોપીઓ કરતાં પોતાપર **શ્રીકૃષ્ણ**નો પ્રેમ વધારે છે એમ ધારી, પોતાની મહત્તાને તેઓ કરતાં વિશેષ માનતી ગર્વિષ્ઠ થઈ ગઈ; અને **શ્રીકૃષ્ણ**ને 'મારાથી તો ચલાતું નથી, માટે તમે જ્યાં જાઓ ત્યાં મને ખાંધ ઉપર બેસાડી લઈ જાઓ' એમ કહેવા લાગી. **શ્રીકૃષ્ણે** પણ તેનો ગર્વ જાણી લઈ, 'આવ મારી ખાંધપર બેસ' એમ કહ્યું; અને તત્કાળ તેનો ગર્વ હણવા, જેવી તે ખાંધપર બેસવા જાય છે કે, પોતે ત્યાંથી પણ અન્તર્ધ્યાન થઈ ગયા. આ ગોપી પણ બીચારી બાવરી બની ગઇ. એટલામાં અન્ય ગોપિકાઓ પણ અત્ર આવી પહોંચી. અન્તે સર્વ સાથે મળી પ્રથમ જ્યાંથી **શ્રીકૃષ્ણ**નો વિયોગ થયો હતો, તે યમુનાનદીના પુલિન ઉપરના રેતીના મેદાનમાં જઈ, આત્મનિવેદન કરતી કરૂણસ્વરે, ગદ્દગદ્દકંઠે તેમના દર્શનની અભિલાષાની ઇચ્છા ધરાવતી સ્તુતિ કરવા લાગી. તેજ આ **ગોપિકાગીત છે.** ☞

॥ श्रीः ॥

॥ अथ श्रीगोपिकागीत ॥

॥ श्रीगोपीजनवल्लभाय नमः ॥



गोप्य ऊचुः—*जयति तेऽधिकं जन्मना व्रजः
श्रयत इन्दिरा शश्वदत्र हि ॥
दयित दृश्यतां दिक्षु तावका-
स्त्वयि धृतासवस्त्वां विचिन्वते ॥ १ ॥

પ્રથમ શ્રીકૃષ્ણના જન્મની મહત્તા બતાવે છે:—
ગોપીઓ બોલી-વિજય પામતું જન્મથી તવ,
અધિક આ બધું નાથજી! વ્રજ;
તવ નિવાસથી [1]ઇન્દિરા અહીં,
[2]સતત તો રહે-જાય ના કહીં.

---

* આ લલિતવૃત્ત છે. એનું લક્ષણ પિંગળ પ્રમાણે ન, ર, ર, એ ત્રણ ગણો અને એક એક લઘુ ગુરૂથી થાય છે, છતાં પણ અન્યત્ર ખાસ તેવું લક્ષણ ન જણાતાં તથા વાંચનમાં પણ દોષદર્શન ન થવાથી અત્ર ભાષાન્તરવૃત્તો ૧૬ માત્રાનું પ્રમાણ રાખીને જ કરવામાં આવ્યાં છે.

૧ ઇન્દિરા-લક્ષ્મી અથવા શોભા. ૨ સતત-હમેશાં.

હવે પોતાની મહત્તર ભક્તિ બતાવે છે:—

સકળ બાજુએ તો જુઓ પતિ!
તવમહીં અતિ ગોપિકા[1]રતિ;
તવ નિમિત્તથી પ્રાણ ધારતી,
સકળ આપને છે જ ચિન્તતી.

ભાવમાં-પોતાની શ્રીકૃષ્ણદર્શનની અભિલાષાને પ્રકટ કરતી કહે છે:—

વિરહદુ:ખથી દુ:ખી તો અમે,
અતિ છિએ અરે! કાંઈ ના ગમે;

માટે,

સુખ થવા ખરે દુ:ખને સમે!
પરમ દર્શનો દો પ્રભો! તમે! ૧.

शरदुदाशये साधुजातसत्–
सरसिजोदरश्रीमुषा दृशा ॥
सुरतनाथ तेऽशुल्कदासिका
वरद निघ्नतो नेह किं वधः ॥ २ ॥

હવે શ્રીકૃષ્ણને, 'તમે તમારી મોહક દૃષ્ટિથી અમારો નાશ કરી નાખો છો' એમ કહે છે:—

શરદ કાળના [2]સરવરે થયું,
સરસ રીતથી જે ખીલી રહ્યું,

---

૧ રતિ–પ્રીતિ. ૨ સરવર–સરોવર.

કમળ, તેતણા મધ્ય ભાગની,
મધુર કાન્તિની ચોર દૃષ્ટિથી;
સુરતનાથ! આ આપની અરે!
રહિતમૂલ્યની દાસીઓ ખરે!
[1]વરદ! તેમને નાશ જે કરે!
વધ ગણાય એ શું નહિ ખરે?

ભાવમાં-પોતાના હરી લીધેલા પ્રાણોની યાચના કરતી દર્શનની ઇચ્છા દર્શાવે છેઃ-

નયનતીરથી હૃદય ચીરતા!
અમપરે દયા કાં ન ધારતા?
હરણ જે કર્યાં પ્રાણ તો તમે,
ફરિથી દો દઈ [2]દર્શ આ સમે! ૨.

विषजलाप्ययाद्व्यालराक्षसा-
द्वर्षमारुताद्वैद्युतानलात् ॥
वृषमयात्मजाद्विश्वतो भया-
दृषभ ते वयं रक्षिता मुहुः ॥ ३ ॥

---

૧ વરદ-ઇચ્છિત વરને આપનાર. ૨ દર્શ-દર્શન.

હવે 'તમે અમને ઘણીવાર મૃત્યુમાંથી ઉગારી છે.' એમ કે'તી તેનાં નિમિત્તો બતાવે છેઃ–

વિષજલેકરી પ્રાપ્ત નાશથી,
અઘ અસુરના દુષ્ટ ત્રાસથી;
[૧]વર્ષપાત ને પ્રબળ વાતથી,
[૨]અનલ સાથના [૩]અશનિપાતથી;
અસુર વત્સ ને [૪]વ્યોમથી થતી,
જગતની વળી અન્ય જે ભીતિ,
ઋષભ ! સર્વથી વારવાર તેં !
અમતણાં કર્યાં રક્ષણો બધે !

ભાવમાં–'માટે હવે કામોત્પત્તિ કરી અમારું મૃત્યુ કરવું તમને યોગ્ય નથી.' એમ કહે છેઃ–

સતત રક્ષણો જે કર્યાં પ્રભો !
સ્મરણ ના કરી ને હવે વિભો !
[૫]સ્મરપીડા કરી દૃષ્ટિથી અતિ,
અમતણું કરો મૃત્યુ કાં પતિ ? ૩.

---

૧ વર્ષ–મેઘ. ૨ અનલ–અગ્નિ. ૩ અશનિપાતથી–વીજળીઓનાં પતનથી. ૪ વ્યોમ–વ્યોમાસુર. ૫ સ્મરપીડા–કામની પીડા.

न खलु गोपिकानन्दनो भवा-
नखिलदेहिनामन्तरात्मदृक् ॥
विखनसाऽर्थितो विश्वगुप्तये
सख उदेयिवान्सात्वतां कुले ॥ ४ ॥

હવે શ્રીકૃષ્ણના સત્ય સ્વરૂપનું વર્ણન કરતી કહે છેઃ-

[1]સકળ ગોપીના પુત્ર તો કહે,
પણ નહિ તમે તે રૂપે ખરે;

પરન્તુ,

અખિલ દેહિઓના તમે પ્રભુ!
અતુલ બુદ્ધિના સાક્ષી છો વિભુ!

તે છતાં પૃથ્વીમાં અવતાર લેવાનો હેતુ બતાવે છેઃ-

વિશ્વ સર્વના રક્ષણાર્થની,
સ્તુતિ સુણી યદા બ્રહ્મદેવની;
પરમમિત્ર! તેં તે નિમિત્તથી,
યદુકુલે લીધો જન્મ હેતથી.

ભાવમાં-'અવતાર લેવા છતાં પણ રક્ષણ ન કરવું, એ તમારી અયોગ્યતા છે.' એમ બતાવે છેઃ-

જગતરક્ષણે જન્મ તો લઈ,
કરવું કાર્ય જે તે ભૂલી જઈ;

---

૧ સકળ-સર્વ જનો.

સકળ [1]ભક્તને ત્યાગતા,-રીતિ,
નહિ ગણાય એ યોગ્ય તો નીતિ. ૪.

विरचिताभयं वृष्णिधुर्य ते
चरणमीयुषां संसृतेर्भयात् ॥
करसरोरुहं कान्त कामदं
शिरसि धेहि नः श्रीकरग्रहम् ॥ ५ ॥

હવે ઉત્તરોત્તર પોતે કરશે, એવી યાચનાઓને પૂર્ણ કરવાની પ્રાર્થના કરે છેઃ-

અમ વિભો! બધી દાસીઓ તવ,
કરતી યાચના તે હૃદે ધર;
કરી દયા અને પૂર્ણ તે કર.
પ્રિય! દયાળુ! હે નાથજી! વર!

તેમાં શ્રીકૃષ્ણના ચરણનું અન્ય જનોપ્રત્યેનું અભયદાતૃત્વ બતાવી, પોતાની અભયયાચનારૂપ પ્રથમ યાચનાને વ્યક્ત કરતી કહેછેઃ-

મૂલાર્થ:—યદુકુલાગ્ર! સંસારદુઃખથી,
ચરણ તારૂં તો શરણ સૌખ્યથી;
કરી તને થયા પ્રાપ્ત જે પ્રભો!

---

૧ ભક્તને-અમને ભક્તજનોને.

સકળ તે જીવોને સદા વિભો!
અભય ને વળી સર્વ આપતો,
લક્ષ્મીહસ્તને જે સ્વીકારતો;
કમળતુલ્ય તે કાન્ત! હસ્તને!
અમશિરે ધરો પ્રેમથી તમે! ૫.

व्रजजनार्तिहन्वीर योषितां
निजजनस्मयध्वंसनस्मित ॥
भज सखे भवत्किंकरीः स्म नो
जलरुहाननं चारु दर्शय ॥ ६ ॥

હવે 'તમે અમારા ગર્વને નાશ કરવા સમર્થ છો.' એમ બતાવતી વદન-દર્શનરૂપ દ્વિતીય યાચના કરે છે.

વ્રજજનોતણા દુઃખના હર!
પ્રબળ વિક્રમે વીરતાધર!
મધુર હાસ્યથી આપ આપના,
ગર્વને હણો સર્વ ભક્તના.

માટે,

સકળ આ અમે [1]કિંકરી તવ,
ગણો અને સખે! તારી તું કર;

---

૧ કિંકરી–દાસીઓ.

દેવ! દર્શ દ્યો કમળતુલ્યના,
વદનનું સ્ત્રીઓને જ આપના! ૬.

प्रणतदेहिनां पापकर्शनं
तृणचरानुगं श्रीनिकेतनम् ॥
फणिफणार्पितं ते पदाम्बुजं
कृणु कुचेषु नः कृन्धि हृच्छयम् ॥ ७ ॥

હવે શ્રીકૃષ્ણને, તેમનાં ચરણની ઉત્કૃષ્ટતા દેખાડતી પોતાની કામહરણ-રૂપ તૃતીય યાચનાની અભિલાષા દર્શાવે છેઃ-

અખિલ દેહિઓ વન્દનો કરે,
પ્રબળ પાપ જે તેમનાં હરે;
ધરી દયા પશુ પાછળે ફરે,
સુભગ લક્ષ્મીનું સ્થાન જે ખરે;

વળી,

[1]ફણિપરે રહે જે પરાક્રમે,
ચરણ [2]અબ્જ જે આ હદે રમે;
અમકુચોપરે તે પ્રભો! ધરો!
હૃદયમાં રહ્યા કામને હરો!

---

૧ ફણિપરે—સર્પની ઉપર. ૨ અબ્જ—કમળ.

ભાવમાં–પોતાની વિરહોત્પન્ન દુઃખી અવસ્થા સાથે તેનો નાશક ઉપાય બતાવે છેઃ–

તવ વિયોગમાં કામ બાળતો,
રહીં કુચોમહીં હૃદય ચીરતો;

માટે,

શીતળ પાદ જો ત્યાં રહ્યા હશે!
પ્રબળ કામની શાન્તિ તો થશે! ૭.

मधुरया गिरा वल्गुवाक्यया
बुधमनोज्ञया पुष्करेक्षण ॥
विधिकरीरिमा वीर मुह्यती–
रधरसीधुनाप्याययस्व नः ॥ ८ ॥

હવે શ્રીકૃષ્ણને, તેમનાપ્રત્યે પોતાને થયેલા મોહનું કારણ દર્શાવી, તેની શાન્તિના હેતુરૂપ અધરામૃતપાનની ચતુર્થ યાચના કરતી કહે છેઃ–

કમળનેત્ર હે! જે તમોતણી,
રસિક [1]ભારતી મધુર હા! ઘણી;
સરસ વાક્યથી રમ્ય લાગતી,
[2]બુધ જનોતણે હૃદય ભાવતી;

---

૧ ભારતી–વાણી. ૨ બુધ–જ્ઞાની.

સુણી અને અમે [1]વીર! તે અતિ,
સર્વ કિંકરી મોહ પામતી;

માટે,

અધરની [2]સુધા પાઇને વિભો!
અમતણું દીઓ જીવન હે પ્રભો! ૮.

तव कथामृतं तप्तजीवनं
कविभिरीडितं कल्मषापहम् ॥
श्रवणमङ्गलं श्रीमदाततं
भुवि गृणन्ति ते भूरिदा जनाः ॥ ९ ॥

હવે શ્રીકૃષ્ણને, 'અમે તમારા વિયોગમાં મૃત્યુદશાને પ્રાપ્ત થયા છતાં પણ બચી ગઇઓ છીએ.' એમ જણાવી તેનું કારણ બતાવતી કહે છે:-

વિરહ જ્યાં થયો તમતણો અરે!
મરણ તો હતું અમતણું ખરે!
પણ જગે પ્રભો! સાધુ જે હતા,
સતત ભક્તિમાં લીન થઈ જતા;

વળી જેઓ,

તવ કથા કરી એક ચિત્તથી,
ચરણ તાહ્મારાં સેવતા મથી;

---

૧ વીર!–હે પરાક્રમી! ૨ સુધા–અમૃત.

અતિ કથામૃતો પાઇ તેમણે,
મરણ છેતર્યું નાથ! એમણે.

'માટે તમારૂં કથામૃત અત્યંત ઉત્તમ છે.' એમ જણાવતી તેની ઉત્કૃષ્ટતા દર્શાવે છે:-

મૂલાર્થ:—

ત્રિવિધ તાપથી [1]દગ્ધ જે જનો,
તવ કથામૃતે જીવિત તે ગણો;
કવિજનો કરે તેની તો સ્તુતિ,
સર્વ પાપને હરતું જે અતિ;

વળી,

શ્રવણમાત્રથી મઙ્ગલો કરે,
મધુર શાન્તિને આપતું ખરે;

પરન્તુ, તે કથામૃતની પ્રાપ્તિ કોને થાય છે તે કહે છે:-

જગતમાં જનો ભાગ્યશાળી જે,
સતત તો પીતા દાનશાળી તે.

ભાવમાં-શ્રીકૃષ્ણને, સ્વર્ગના અમૃતમાં અને તેની કથામૃતમાં ભિન્નતા દેખાડી, તેનું પાન કરનારની મહત્તા દર્શાવતી કહે છે:-

સ્વર્ગની સુધા પાપ ના હરે,
શમન ના અને મદ ઘણો કરે;

---

૧ દગ્ધ-બળેલા.

તમ જીવને શાન્તિ નાપતી,
કદિ ન યોગિને માન્ય તે થતી;
પણ સુધા કથારૂપ તાહરી,
સતત ગુણું અહીં જે ગણે ખરી;
જરુર જાણવાં પૂર્વજન્મનાં,
સુકૃત–દાનનાં કર્મ તેમનાં.

વળી 'કથાથી જ મનુષ્યો ઉત્તમ ફળ મેળવે છે, તો પછી તમારાં દર્શનથી તો શું જ કે'વું?' એમ જણાવી, પોતાની દર્શનેચ્છાને વ્યક્ત કરતી કહે છેઃ–

કદિ કથા કરે [1]કેવળી જ જે,
તવ, સુધન્ય છે જીવ સર્વ તે;

તો પછી,

કથન કે'વું શું આપ દર્શને ?

માટે,

પ્રભુજી ! દર્શ દો યાચીએ અમે. ૯.

प्रहसितं प्रिय प्रेमवीक्षणं
विहरणं च ते ध्यानमङ्गलम् ॥
रहसि संविदो या हृदिस्पृशः
कुहक नो मनः क्षोभयन्ति हि ॥ १० ॥

---

૧ કેવળી-કેવળ.

હવે 'મારા કથામૃતથી તમને શાન્તિ છે તો પછી મારાં દર્શનથી શું વધારે છે?' એવા શ્રીકૃષ્ણના પ્રશ્નના પ્રત્યુત્તરમાં, 'તમારાં કથામૃતો પણ અત્યારે તમારા વિલાસોનું સ્મરણ થતાં, દર્શન વિના દુઃખદ છે.' એમ કહેતી પુનઃ પણ દર્શનથી શાન્તિની યાચના કરે છેઃ–

તવ કથામૃતો સુખદ છે ઘણાં,
પણ ન તેથીં તો શાન્તિ હાલમાં;
તવ વિયોગથી [1]ક્ષુભિત તો અમે,
દઈ જ દર્શનો શાન્તિ દો તમે!

હવે 'કયા તે વિલાસો કે, જે કથામૃતને પણ દુઃખદ મનાવે છે?' તો તે વિલાસોનું ખેદ કરતી ગણનાપૂર્વક સ્મરણ કરીને કહે છેઃ–

મૂલાર્થ:—પ્રિય થતું હતું મધુર હાસ્ય ને,
પરમ પ્રેમનાં [2]પ્રેક્ષણો જ જે;
વળીં વિહાર જે રમ્ય લાગતો,
હૃદયેધ્યાનથી સૌખ્ય આપતો;

વળી,

રસિક લાગતી હૃદયમાં ધરી,
સરસ ગોષ્ઠિઓ ગુપ્ત જે કરી;
સ્મરણ તે થતાં કપટરાજ હે!
મન દુખી કરે અમતણાં અરે! ૧૦.

---

૧ ક્ષુભિત–ક્ષોભ પામેલાં. ૨ પ્રેક્ષણો–જોવાં.

चलसि यद्व्रजाच्चारयन्पशू-
नलिनसुंदरं नाथ ते पदम् ॥
शिलतृणाङ्कुरैः सीदतीति नः
कलिलतां मनः कान्त गच्छति ॥ ११ ॥

હવે 'અમે પણ તમારા દુઃખે દુઃખી થઈએ છીએ.' એમ કહી પોતાની ભક્તિ બતાવે છેઃ-

વ્રજથકી તમે ચાલતા થતા,
પશુ બધાં લઈ ચારવા જતા;

ત્યારે,

કમળતુલ્યનાં રમ્ય નાથ! જે,
ચરણ આપનાં ચાલતાં જ તે;
તીક્ષ્ણ અંકુરોથી તૃણોતણા,
કઠિન કાંકરાથી દુખી ઘણાં;
સ્મરી હૃદે પીડા થાય કાન્ત! આ,
અમતણે, ઘણી દેવ! આજ હા!

ભાવમાં-'આ પ્રમાણે અમે તમારા ઉપર ભક્તિથી પ્રેમ રાખવા છતાં પણ તમે અમારી સાથે શામાટે કપટનું આચરણ કરો છો?' તે કહેછેઃ-

તમપરે અમો પ્રેમ રાખીએ,
પરમ ભક્તિનો સ્વાદ ચાખીએ;

ત્યમ છતાં પ્રભો! સાથ અમતણી,
કપટની કૃતિ કાં રમો ઘણી? ૧૧.

दिनपरिक्षये नीलकुन्तलै-
र्वनरुहाननं बिभ्रदावृतम् ॥
घनरजस्वलं दर्शयन्मुहु-
र्मनसि नः स्मरं वीर यच्छसि ॥ १२ ॥

હવે પોતાને થયેલા કામજ્વરનું કારણાન્તર બતાવતી કહે છેઃ-

દિવસઅન્તમાં જે ધૂળે ભર્યું,
[1]અસિત [2]કુન્તલોથી વિંટાયલું;
વદન દેખતાં તો થતું હતું,
ભ્રમરયુક્તનું કમળ શોભતું.
મધુર આપ તો વારવારનાં,
પ્રભુજી! દર્શનો આપી તેહનાં;
અમતણાં [3]મને વીર! હા! ઘણું,
[4]જ્વલન તો કરો [5]કામધામનું

---

૧ અસિત-કાળા. ૨ કુન્તલો-કેશો. ૩ મને-મનોમાં. ૪ જ્વલન-લ્હાય. ૫ કામધામ-કામનું તેજ-કામાગ્નિ.

ભાવમાં-ઉપર પ્રમાણે કારણાન્તર બતાવી પાછી શ્રીકૃષ્ણનું કાપટ્ય પણ દેખાડે છેઃ-

કરી તમે પ્રભો! કામની [1]જનિ,
પણ કરો નહિં સંગ તો ધણી!
કપટ આપનું એ જ છે વિભો!
ત્યમ કરી તમે છેતરો પ્રભો! ૧૨.

प्रणतकामदं पद्मजार्चितं
धरणिमण्डनं ध्येयमापदि ॥
चरणपङ्कजं शन्तमं च ते
रमण नः स्तनेष्वर्पयाधिहन् ॥ १३ ॥

હવે શ્રીકૃષ્ણને, 'કપટ છોડી તમો અમારો વિરહતાપ શાન્ત કરો.' એવી પ્રાર્થના કરતી; તેમ 'તેના હેતુરૂપ તમારૂં ચરણ જ છે.' એમ જણાવવા સાથે ચરણની મહત્તા દેખાડતી પોતાની ઇચ્છા વ્યકત કરે છેઃ-

નમનકારને ઇષ્ટ આપતું,
[2]કમળયોનિએ પૂજિત જે થતું;

---

૧ જનિ-ઉત્પત્તિ. ૨ કમળયોનિ-બ્રહ્મદેવ.

ધરણીનું અલઙ્કારરૂપ ને,
દુખદ કાળમાં [૧]ધ્યેય છે જ જે;

વળી,

સતત શાન્તિને આપનાર જે,
કમલતુલ્યનું ચરણ નાથ! તે;
અખિલ લોકના આધિના હર!
અમકુચોપરે તો પ્રીતે ધર!

ભાવમાં–પૂર્વવત્ જણાવી વિશેષમાં 'શરણમાં લઈ અમારા કામને શાન્ત કરો.' એવી સ્તુતિ કરે છેઃ–

દુખવિનાશ તો જે સદા કરે,
પૂજિત જે થતાં સૌખ્યને ભરે;
ચરણ (તે) અર્પિને શરણમાં ધરો!
[૨]મદનશૌર્યને નાથજી! હરો! ૧૩.

सुरतवर्धनं शोकनाशनं
स्वरितवेणुना सुष्ठु चुम्बितम् ॥
इतररागविस्मारणं नृणां
वितर वीर नस्तेऽधरामृतम् ॥ १४ ॥

---

૧ ધ્યેય–ધ્યાનકરવાયોગ્ય. ૨ મદનશૌર્ય–કામબળ.

હવે પોતે શ્રીકૃષ્ણના અધરામૃતની શ્રેષ્ઠતા દર્શાવતાં તેને પીવાની પોતાની અભિલાષા જણાવતી કહે છેઃ–

[1]સુરતસૌખ્યને જે વધારતું,
વિવિધ શોકનો ભાર કાપતું;
મધુર ગીતથી પૂર્ણ વેણુએ,
ચુમિત જે થયું સરસ રીતિએ;

વળી,

ઇતર [2]રાગનું સર્વને સદા,
સ્મરણ નાપતું જે ખરે કદા;
[3]પિયૂષ (તે) આપના અધરનું તમે !
પ્રભુજી ! પાવ એ માગીએ અમે ! ૧૪.

अटति यद्भवानह्नि काननं
त्रुटिर्युगायते त्वामपश्यताम् ॥
कुटिलकुन्तलं श्रीमुखं च ते
जड उदीक्षतां पक्ष्मकृद्दृशाम् ॥ १५ ॥

---

૧ સુરતસૌખ્ય–રતિક્રીડાનું સુખ. ૨ રાગ–પ્રીતિ અથવા રાગો.
૩ પિયૂષ–અમૃત.

હવે 'તમારા વિયોગમાં મનુષ્યોનો કાળ કેમ જતો હતો;' તે દર્શાવતાં કહે છેઃ-

અરરૅ! જ્યાં જતા આંહિંથી તમે,
સકળ ત્યાગીને [1]તુલસીકાનને;
નવ તને જુએ જ્યાં વિભો! જનો,
યુગસમો જતો ક્ષણ જ તેમનો.

વળી 'અમને પણ તમારો વિરહ અસહ્ય છે.' એમ જણાવતી પોતાનો પ્રેમ બતાવે છેઃ-

રજનીસંધિમાં વદન રમ્ય ને,
[2]કુટિલ [3]કુન્તલે ચિત્તચોર જે;
ઉભી થઈ થઈ જોતી જે અમો,
પ્રેમદૃષ્ટિથી, તે જુઓ તમો.

તે શું તે કહે છેઃ-

મધુર દર્શને વિઘ્નકારિણી,
નયનપાંપણો જેમણે [4]જણી;
[5]પલકહેતુ તે બ્રહ્મદેવને,
જરુર [6]જડસમો માનતી અમે.

---

૧ તુલસીકાનન-વૃન્દાવન. ૨ કુટિલ-વાંકા. ૩ કુન્તલે-કુન્તલોથી-કેશોથી. ૪ જણી-બનાવી. ૫ પલકહેતુ-પલકારાની કૃતિ કરનાર. ૬ જડસમો-મૂર્ખ જેવો.

ભાવમાં–શ્રીકૃષ્ણનિમિત્તક પોતાને થતાં સુખ દુઃખને દર્શાવતી કહે છેઃ–

ક્ષણ થતું નહિ દર્શ આપનું,
દુખ જ માનતાં પૂર્વ પાપનું;
પણ વિભો! મળો જે સમે તમે!
સુખ મળ્યું મહા માનતી અમે!

વળી શ્રીકૃષ્ણને, તેમને માટેની પોતાની સ્થિતિ જણાવતી અને 'અમે તમારે માટે કેવી પ્રેમઘેલી છે તે જોઇ અમારો ત્યાગ ન કરો!' એમ પ્રાર્થના કરતી કહે છેઃ–

સઘળા [1]સંગને ત્યાગી સર્વદા,
થઈ જ સર્વ સન્યાસિની યદા!
શરણ તાહરે આવિઓ અમે!
ત્યમ છતાં કરો ત્યાગ કાં તમે? ૧૫.

पतिसुतान्वयभ्रातृबान्धवा–
नतिविलङ्घ्य तेऽन्त्यच्युतागताः ॥
गतिविदस्तवोद्गीतमोहिताः
कितव योषितः कस्त्यजेन्निशि ॥ १६ ॥

---

૧ સંગ–અન્યવિલાસની ઉપાધિઓ.

હવે 'અમે કોઈની પણ દરકાર ન કરતાં તમારે શરણે આવીઓ છીએ, છતાં કપટથી તમે જ અમારો ત્યાગ કરો—અન્ય કોઇપણ મનુષ્ય કરે નહિ.' તે કહે છે:-

સુત સગાં અને ભાઈ બાન્ધવો,
વળી અમો તણા ઘેર જે [1]ધવો;
કથન તેમનું ના ગણી [2]દમે,
તવ સમીપ આ આવિઓ અમે.

વળી,

અમતણી તમો જાણતા [3]ગતિ,
તવ ગીતે અમે મોહિઓ અતિ;

છતાં,

કપટિ! કો તમોવિણ અન્ય તે,
અમતણો કરે ત્યાગ રાત્રિએ!

ભાવમાં-'માટે હવે તમે અમારા તરફનો સર્વ વિચાર કરીને અમારો ત્યાગ ન કરતાં દર્શન દઈ શરણે લ્યો.' એમ કહે છે:-

સમય રાત્રિનો, વિરહ આપનો,
હૃદય બાળતો તાપ કામનો;
કરી વિચાર એ સર્વનો [4]મને,
શરણું દ્યો પ્રભો! દર્શ દઈ તમે! ૧૯.

---

૧ ધવો-સ્વામિઓ. ૨ દમે-બળે. ૩ ગતિ-આગમન.
૪ મને-મનમાં.

रहसि संविदं हृच्छयोदयं
प्रहसिताननं प्रेमवीक्षणम् ॥
बृहदुरः श्रियो वीक्ष्य धाम ते
मुहुरतिस्पृहा मुह्यते मनः ॥ १७ ॥

હવે પોતાને થયેલો મોહ અને કામનાઓનાં કારણાન્તરો બતાવે છેઃ-

[1]ચરિત ગુપ્ત સંકેત,-તે થકી,
ઉદય કામનો થાય જે નકી;
વદન હાસ્યથી રમ્ય લાગતું,
પરમ પ્રેમથી જોવું જે થતું;

વળી,

અચળ લક્ષ્મીના જે નિવાસનું,
વિપુલ [2]ઉરઃ એ સર્વ આપનું;
હૃદય જોઈને કાંઈક ઈચ્છતાં,
મન અમોતણાં મોહ પામતાં! ૧૭.

व्रजवनौकसां व्यक्तिरङ्ग ते
वृजिनहंत्र्यलं विश्वमङ्गलम् ॥
त्यज मनाक्च नस्त्वत्स्पृहात्मनां ।
स्वजनहृद्रुजां यन्निषूदनम् ॥ १८ ॥

---

૧ ચરિત-આચરેલા. ૨ ઉરઃ-ઉરઃસ્થળ.

હવે શ્રીકૃષ્ણના અવતારનું માહાત્મ્ય દર્શાવતી પોતાના મનોભાવને વ્યક્ત કરી, વિરહજ્વરની ઔષધિની યાચના કરે છે:-

પ્રકટભાવ હે કૃષ્ણ! આપનો,
સુખદ વર્તે વ્રજે સર્વ લોકનો;

વળી,

પરમ દુ:ખનો [1]ઓઘ કાપતો,
વિશ્વમઙ્ગલો સર્વ આપતો.

અને તેથી,

હૃદયમાં ખરે કામના તવ,
અમતણી અતિ ભક્તિથી વર!

માટે,

સ્વજનચિત્તનો રોગ જે ખુએ,
સુખદ ઔષધિ આપજો હવે!

ભાવમાં–'ઔષધિના જ્ઞાતા તમે જ છો.' એમ જણાવી, ઔષધિને પણ સ્પષ્ટ કરેછે:-

મધુર ગુપ્ત તે આપ જાણતા,
[2]ઇતર ઔષધિ ના પીછાનતા;
વધુ ન હોય તો અલ્પ એ દીઓ!
અધરની સુધા પાવ ને પીઓ!

---

૧ ઓઘ-સમૂહ. ૨ ઇતર—અન્ય મનુષ્યો.

વળી રોગનું કારણ બતાવી, અન્યપ્રકારની ઔષધિ બતાવે છેઃ–

અમતણો તમે ત્યાગ તો કર્યો,
વિરહથી હૃદે રોગને ધર્યો;

માટે,

પુનઃ દર્શ દઈ સંગતિ કરી !
[1]અગદ આપીને રોગ હર્યો હરી ! ૧૮.

---

*यत्ते सुजातचरणाम्बुरुहस्तनेषु
भीताः शनैः प्रिय दधीमहि कर्कशेषु ॥
तेनाटवीमटसि तद्व्यथते न किंस्वित्
कूर्पादिभिर्भ्रमति धीर्भवदायुषां नः ॥१९॥

હવે 'તમારા દુઃખના સ્મરણથી અમે પણ દુઃખી થઈ, મુઝાઈ ગઈ છીએ.' તે કહે છેઃ–

હે નાથજી ! ચરણ કોમળ જે તમારૂં,
જાણે મૃદુ કમળ શોભિત હોય સારૂં;

વળી,

જેને સ્તનો કઠિન ઉપર ધારતાં તો,
ધીમે પણ પ્રિય અમે ભય પામતાં'તાં;

---

૧ અગદ–ઔષધિ.

* આ વસંતતિલકાવૃત્ત છે. એનું લક્ષણ—'उक्ता वसंततिलका तभजा जगौ गः'—ત, ભ, જ, જ, એ ચાર ગણ અને બે ગુરૂથી થાયછે.

પ્રાણેશ! તે ચરણ તો વનમાં જ ચાલે,
ને કાંકરાદિકથકી દુખ ના શું પામે?
એવું ધરી જીવન જેનું વિભો! જ તું છે,
તે આ અમારી મતિ આજ મુઝાયલી છે.

ભાવમાં-માટે હવે અમારી અન્તઃકરણની અન્તિમ યાચનાનો સ્વીકાર કરી, અન્તર્ધ્યાન થયેલા આપ પ્રત્યક્ષ દર્શન આપી, અમારી મનઃકામનાને પૂર્ણ કરો! તે કહે છેઃ-

માટે કૃપા કરી અમોપર કિંકરીને,
દ્યો દર્શ ભક્તિ અમની હૃદયે ધરીને;
છે યાચના વિનયપૂર્વક તો તમોને!
હે કૃષ્ણ! કૃષ્ણ! સુખ શાન્તિ દીઓ અમોને! ૧૯.

ॐ शान्तिः।। शान्तिः।। शान्तिः।।

ઉત્તરવૃત્તાન્ત.

આ પ્રમાણે ગોપિકાઓની રસમય ગદ્દગદ્દકંઠથી કરેલી સ્તુતિ સાંભળી, **શ્રીકૃષ્ણ** પરમાત્માનું હૃદય પણ ઉત્કંઠિત થઈ ગયું. તત્કાળ તે ભક્તવત્સલ પ્રભુ પ્રેમપૂર્ણ હૃદયે ગોપિકાઓની મધ્યમાં આવીને ઉભા રહ્યા. પ્રકટ થતા માત્રમાં તો વિરહઘેલી ગોપીઓ પોતાની ઇચ્છાનુસાર; કોઈ હસ્તને તો કોઈ પાદને, કોઈ મુખને તો કોઈ સ્કંધને એમ **શ્રીકૃષ્ણ**ને વળગી પડી અને **શ્રીકૃષ્ણ**ને પુનઃ રાસક્રીડા રમવા માટે પ્રાર્થના કરવા લાગી. તેઓની પ્રાર્થનાનો સ્વીકાર કરી **શ્રીકૃષ્ણે** પુનઃપણ તેઓની સાથે અનેક પ્રકારે રાસલીલા કરવા માંડી. લીલા કરતાં કરતાં પ્રેમપૂર્ણભાવે ગોપિકાઓ કિંચિત્ કુપિતભાવથી **શ્રીકૃષ્ણ**ને કાંઈક તેમના કાપટયને દર્શાવનાર રહસ્યમય પ્રશ્નો પૂછવા લાગી કે, હે **શ્રીકૃષ્ણ**! કેટલીક વ્યક્તિઓ પોતાને ભજતા જીવોને તેઓની ભક્ત્યનુસાર ભજે છે, કેટલીક પોતાના તરફની ભક્તિની અપેક્ષા રાખ્યા વિના જ જીવોને ભજે છે, જ્યારે કેટલીક તો પોતાને ભજતા અથવા ન ભજતા એમ ઉભયમાંથી કોઈ પણ જીવોને ભજતી નથી એ શું? તે આપ અમને કહો. આ પ્રમાણે પ્રશ્ન સાંભળતાં **શ્રીકૃષ્ણ** પરમાત્મા પણ તેઓનો પોતાના કાપટયને દર્શાવનાર હર્ક્રુત ભાવ જાણી લઈ, ઇશ્વરધર્મથી પોતાનું ઐશ્વર્ય, ગોપિકાઓનો પ્રેમમય ભક્તિભાવ ને પોતાના કાપટયનો અભાવ બતાવતા પ્રત્યુત્તર આપવા લાગ્યા કે, હે સખીઓ! જે વ્યક્તિઓ જીવોને-ભજતાને ઉપકાર પ્રત્યુપકારની અપેક્ષા રાખી ભજે

છે, તે કેવળ સ્વાર્થમાટે જ છે–તેઓ સ્વાર્થી જ છે, કેમકે તેઓનો ઉપરનો જ પ્રેમ હોય છે. બાકી અન્તઃકરણનો સત્ય પ્રેમ હોતો નથી. હવે જેઓ પોતાને ન ભજતા જીવોને ભજે છે તેવી વ્યક્તિઓ બે પ્રકારની હોય છેઃ–એક સાધુ અને બીજી સ્નેહી. તેમાં પણ જે સાધુ હોય છે તેઓનું તો કેવળ સત્યરીતે ઉપદેશ વિગેરે કરવાથી નિર્દોષ જ ધર્માચરણ હોય છે અને જે સ્નેહી છે તેઓ તો શુદ્ધ પ્રેમદ્વારા જ સુખ આપવું અથવા લેવું, એ કર્તવ્ય સમજે છે. પરન્તુ જે વ્યક્તિઓ પોતાને ભજતા કે ન ભજતા એ ઉભયમાંથી કોઇને પણ ભજતી નથી, તેવી વ્યક્તિઓ તો આત્મારામ, આપ્તકામ, મૂઢ અને નિર્દય એમ ચાર પ્રકારની હોય છે. વખતે તમે મને તેમાંથી નિર્દયરૂપે માનતી હશો ! પરન્તુ હું તો એમાંના એક પણ પ્રકારની ગણુતીમાં નથી; કેમકે જેમ નિર્ધન મનુષ્ય મળેલું ધન નાશ થતાં તેની ચિંતામાં ક્ષુધા અને તૃષાને ભૂલી જાય છે, તેમ હું (ભકતોને ભજું) પણ મારા ભકતોની મારા તરફની ભકિત, ગર્વથી નષ્ટ ન થાય એ હેતુથી જ તેઓને ભજતો નથી; નહિ તો મને ભજતા મારા ભકતો તરફ હું અત્યંત કરૂણાવાળો અને તેઓનો પ્રિય સુહૃદ્ છું એમ તમે સમજો. માટે મારે માટે જેઓએ લોક, વેદ અને જ્ઞાતિ વિગેરે સર્વનો ત્યાગ કરેલો છે એવી જે તમો, તેઓની પ્રેમભકિત મારામાં અચળ રાખવા માટે જ હું ગુપ્ત થઇ ગયો હતો; તો હે પ્રિય સખીઓ ! તમને પ્રિય એવા મારામાં કપટભાવ ધારી મને કપટી માનવો, એ તમને યોગ્ય નથી. બાકી હું તો મારામાં નિષ્કપટભાવથી ભકિત–આત્મનિવેદન કરનાર તમારો લાંબે કાળે પણ પ્રત્યુપકાર કરવાને સમર્થ નથી. કેમકે તમે દુઃખથી પણ નાશ ન કરી શકાય એવી ગૃહશૃંખલાનો મારે માટે ત્યાગ કરીને મને ભજ્યો છે; તો હે સખીઓ ! અન્તમાં હું એટલુંજ

કહીશ કે, તમારી મારા તરફ જે અવિચળ પ્રેમભક્તિ છે તેરૂપી જ તમારૂં સત્કૃત્ય તમને મારા તરફથી પ્રત્યુપકારરૂપે હો ! આ પ્રમાણે પ્રત્યુત્તરોથી તેઓએ પોતાનો અને તેઓનો શુદ્ધભાવ તેઓને સમજાવ્યો અને રાસક્રીડા પૂર્ણ કરી. ત્યારપછી વળી વિવિધ પ્રકારના આનંદસાથે જલક્રીડા, વનક્રીડા વિગેરે અપૂર્વ રસનો આનંદ અર્પણ કરી; ગોપીઓનાં અન્તઃકરણોને શાન્ત કર્યાં. એ પ્રમાણે ગોપિકાઓએ પરિપૂર્ણ પ્રેમમય હૃદયે **શ્રીકૃષ્ણ**માં પરમ આત્મનિવેદનરૂપ ઉત્તમ ભક્તિ રાખી એટલે **શ્રીકૃષ્ણે** પણ તેઓનો તેવો શુદ્ધ અપૂર્વ ભાવ જોઈ, તેમની મનઃકામનાઓને પૂર્ણ કરી, અન્તમાં પોતાની સાયુજ્ય મુક્તિ આપી, તેઓનું ચિરંતન કલ્યાણ કર્યું.

આ પ્રમાણે જે જીવો પરમાત્મામાં અપૂર્વભાવે કોઇ પણ એક ભક્તિપ્રકારથી સેવા કરે છે; તેઓને પણ તે **શ્રીકૃષ્ણ** પરમાત્મા પોતાના ઉત્તમ સ્વરૂપનું દર્શન કરાવી, પોતાના ધામમાં લઈ જઇ અવિચળ શાન્તિ આપે છે. તથાસ્તુ.

તા૦ ક૦—આ ગ્રન્થનાં પ્રુફ સુધારવામાં મારા સ્નેહી શાસ્ત્રી છોટાલાલ ચન્દ્રશંકર ત્રિવેદીએ મને કેટલીક મદદ કરી છે, જેને માટે અત્ર હું તેઓનો ઉપકાર માનું છું. **ભાષાન્તરકર્તા.**

ॐ शान्तिः॥ ॐ शान्तिः॥

સમાપ્ત.

પુનઃ સંશોધન.

પૃષ્ઠ			લીટી.	પૃષ્ઠ			લીટી.
૨	પ્રેમમૂર્તિ—	પ્રેમમૂર્તિ	૬	૨૯	કૃતિ—	કૃતિ	૨
૨	ગોપીઓ—	ગોપીઓ	૫	૩૩	દર્શાવતાં—	દર્શાવતી	૧
૧૩	ઐકયતા—	એકતા	૩	૩૩	મળ્યું—	મળ્યું	૫
૧૩	તટનો રોધ-	તટનું અતિક્રમણ	૭	૩૫	તમોવિણુ—	તમોવિણુ	૧૨
૨૪	સુણી—	સુણી	૧	૩૮	દઈ—	દઈ	૫
૨૬	દર્શ—	દર્શ	૧૫	૩૮	રુહ—	રુહં	૭
૨૭	પરમ—	પરમ	૧૨				

———(૦)———

આ પુસ્તકમાં મને અગાઉથી ગોલોકવાસી **શેઠ ગોવિંદજી માધવજીનાં ધર્મપત્ની બાઈ જમ્બૂબાઈએ** તથા **અન્ય સદ્-ગૃહસ્થોએ** મદદ આપી છે જેને માટે તેઓનો ઉપકાર માનું છું; અને આશા રાખુંછું કે તેઓ પુનઃ પણ અન્ય ગ્રંન્થો બ્હાર પાડવાના સમયમાં મને બનતી મદદ આપી આભારી કરશે.

ભાષાન્તરકર્તા.

મોક્ષનું ઉત્તમ સાધન.

(શ્રી પરબ્રહ્મપ્રકાશ.)

૧ પ્રભુના एकोऽहं बहुस्याम् એવા એક શ્રુતિવાક્યથી સૃષ્ટિક્રમ અને ૐ એ શબ્દબ્રહ્મથી શાસ્ત્રક્રમ થયેલો છે. ઉક્તક્રમ અને મનુષ્યનાં કર્તવ્ય, મોક્ષ સ્થાન તથા મોક્ષનું સ્વરૂપ વિગેરે અધ્યાત્મ વિષયને લગતી સેંકડો બાબતોથી ભરપુર **શ્રીપરબ્રહ્મપ્રકાશ** એ નામનો એક નકશો અમોએ પ્રસિદ્ધ કરેલો છે. જેમાં ગીતા વિગેરે પવિત્ર ગ્રંથોના ૨૨૫ શ્લોકો અને ૧૨૫ ચિત્રોનો ઉત્તમ રીતે સમાવેશ કરેલો હોવાથી આ નકશો દરેક દેવસ્થાનો તથા દિવાનખાનાંની શોભારૂપ થવા સાથે જોવા માત્રમાં મનુષ્યને ઉચ્ચ સ્થિતિનું ભાન કરાવે છે. ધર્માભિમાની દરેક સજ્જનોના ઘરમાં આ નકશાની એક એક પ્રત અવશ્ય હોવીજ જોઇએ.

૨ સેંકડો હકીકતોથી ઉભરાતા લેખક્રમ તથા નકશાના આદર્શ સ્વરૂપ માટે સ્વધર્માચાર્યો, મહાત્માઓ અને પંડિતોએ ઉત્તમ અભિપ્રાયો આપેલા છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષના સરળ સાધનનું સાક્ષાત્ દર્શન કરાવનાર આ નકશાનું વર્ણન કરવા કરતાં તેનો અનુભવ લેવા ભલામણ કરવામાં આવે છે. **મૂલ્ય રૂા. ૧. પોસ્ટેજ જુદું.**

૩ નકશો જોવાના સાધન માટે **શ્રી પરબ્રહ્મપ્રકાશતત્વદર્શિ-પત્રિકા** એ નામનું પુસ્તક વિના મૂલ્યે આપવામાં આવે છે,

૪ પત્રિકા વાંચ્યા પછી નકશો મંગાવવો એમ જેઓની ઇચ્છા હોય તેઓએ ફક્ત ના આનાની ટીકીટ મોકલી પત્રિકા મંગાવી લેવી.

દરેક બુકસેલરોને ત્યાંથી પણ મળશે.

એમ. પી. ત્રિવેદીની કું.

ઠે. ભુલેશ્વર, કબુતરખાના સહામે, ઘર નં. ૧૮૫, ચોથે માળે,

પો. નં. ૨, મુ૦ મુંબઇ.



સુગંધી કાર્ડ મફત.

ઓટો–દીલ બહાર.

તેની મનમોહક ટકાઉ સુગંધીને લીધે લોકો તેને **સોસાયટી પરફ્યુમ** સમજે છે, તેથી પરોણાઓને ખુશ કરવા માટે, લગ્નની મીજલસમાં જતી વખતે, માંગળીક પ્રસંગે, મનને આનંદ રાખવા માટે તથા સગા સ્નેહીઓને ભેટ આપવાને **"ઓટો–દીલબહારજ"** **પસંદ કરે છે.**

આ દીલખુશ સેન્ટનો વધુ ખપ કરવાના હેતુથી એક આનાની પોષ્ટની ટીકીટો મોકલનારને એક સુગંધી કાર્ડ અમારે ખરચે મફત મોકલીશું અને તેની સુગંધી જોયા પછી બીજી મોટી બાટલી ખરીદવી.

આવી ઉમદા તક ફરી ફરીને મળતી નથી.

માટે તમો આજને આજ સુગંધી કાર્ડ મંગાવવા કોશેષ કરો અને આજકાલ નીકળી પડેલા નકલી હલકા સેન્ટમાં પૈસા ખરચતા બચો.

કીંમત નાની બાટલીના	રૂ. ૦—૮
કીંમત વચલી સાઇઝની બાટલીના	રૂ. ૦–૧૨
કીંમત મોટી અરધા આઉંસની બાટલીના ...	રૂ. ૨—૦

વી૦ પી૦ ખરચ **ચાર આના** જુદા.

સોલ એજંટ,

ધી એંગ્લો ઇન્ડીયન ડ્રગ એન્ડ કેમીકલ કું૦

જુમામસીદ,–મુંબઈ.

PRINTED BY
R. H. PATEL AT KRISHNA PRINTING PRESS.
9, ANANTWADI BOMBAY.